Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net

Volume-11,Issue-4,March-2018

# એક વિરલ પ્રતિભા- ડૉ.રમેશચંદ્ર પરમાર

શશીકાંત એમ. ઝાલા
M.Phil. Research Scholar History,
Gujarat Vidyapith Ahmedabad

## સારાંશ:

આમ જોવા જઈએ તો સમયાંતરે દલિતોધ્ધારના પ્રયત્નો થતા રહ્યા છે. તેમાં સૌ પ્રથમ બુદ્ધ અને મહાવીર સ્વામી દ્વારા અસ્પૃશ્યતા દૂર કરવાના પ્રયત્નો થયા છે. મધ્યયુગમાં રામાનંદ,કબીર,નાનક,નરસિંહ મહેતા જેવા સંત સુધારકોએ પણ પ્રયત્ન કરેલા છે. ૧૯મી અને ૨૦મી સદી દરમ્યાન પણ સમાજસુધારકો અને સુધારક સંસ્થાઓ દ્વારા દલિતોધ્ધારની પ્રવૃત્તિઓ થઇ હતી. જેમાં ડૉ. રમેશચંદ્ર પરમારનું યોગદન મહત્વનું છે.

## પ્રસ્તાવના:

ભારતમાં બ્રિટિશ રાજ્યની સ્થાપના થવા સાથે જ પાશ્ચાત્ય શિક્ષણ અને પાશ્ચાત્ય સંસ્કૃતિના આક્રમણનો પ્રારંભ થયો. એટલે મહારાષ્ટ્રના બુધ્ધિમાનોએ એમના પુરાણા ગ્રંથો અને પ્રાચિન સમાજરચના, પ્રાચીન સંસ્કૃતિ અને પુરાણા તત્વોનું મૂળગામી દ્રષ્ટીથી પરીક્ષણ અને પરિક્ષણ કરવા માડ્યું. એ મંથનને કારણે તેજસ્વી વિચારોનું નિર્માણ થવા લાગ્યું. એ પુનરુધ્ધરના એક વિભાગના ફેરફારને કારણે હિંદુ ધર્મની માનસિક અને સામાજિક ગુલામી વિરુધ્ધ મહાત્મા જ્યોતીરાવ ફુલે દ્વારા શિક્ષણ, સમાનતા અને સમાન અવસર માટે પોકારવામાં આવેલો એ એક પ્રકારનો વિદ્રોહ જ કહેવાય. મહાત્મા ફુલેનો સત્યશોધક સમાજ અને દયાનંદ સરસ્વતીનો આર્ય સમાજ, પરમહંસ અને પ્રાર્થનાસમાજે સામાજિક,ધાર્મિક અને શિક્ષણ વિષયક આંદોલનો કર્યા.લોકહિતવાદી ગોપાલ હરિ દેશમુખ,ન્યાયમૂર્તિ રાનડે અને સમાજસુધારક આગરકરના વિચારોએ સામાજિક સુધારકોનું સમર્થન કર્યુ. રાજર્ષિ શાહૂ છત્રપતિએ પોતાની ધીરજપૂર્ણ કૃતિશૂરતાથી સમાજિક ક્રાંતિને ફરી એકવાર જોરશોરથી ગતિ આપી. એ જ કારણે મહારાષ્ટ્રમાં

સમાજક્રાંતિનું એક કદમ આગળ વધ્યું. એમ છતા ભારતમાં અતિ શુદ્ર માનવામાં આવેલો નિમ્ન સમાજ ઉચ્ચ હિંદુ સમાજની સામાજિક, ધાર્મિક અને રાજનૈતિક ગુલામીની ગર્તામાં અગાઉની જેમ જ હિન-દિન હાલતમં સડી રહ્યો હતો.યુગ યુગમાં અસ્પૃશ્ય, અદર્શનીય, અવર્ણ, અંત્યજ, અતિશુદ્ર, પંચમ, નામશુદ્ર માનવામં આવેલા આ સામાજમાં થોડી પ્રગતિની હિલાચાલ દેખાવા લાગી. એમ છ્તા, એમનામાં આત્મસન્માન અને આત્મતેજ, આત્મવિશ્વાસ અને સ્વાભિમાન એટલેકે માનવતાનું નવચેતન્ય નિર્માણ કરવાનુ મહાનકાર્ય વિશ્વ વિભૂષણ ડો. બાબાસાહેબ આંબેડકરે કર્યુ. આંબેડકરથી પ્રભાવિત થઈ તેમને આદર્શ બનાવી ઘાણા બધાએ સમાજના ઉત્થાન માટે પ્રયત્નો કર્યા તેમાં ગુજરાતમં એક નામ ડૉ. રમેશચંદ્ર પરમારનું પણ છે.

## ડૉ.રમેશચંદ્ર પરમાર : જીવન-કવન

ડૉ.રમેશચંદ્ર પરમારનો જન્મ ૨૧/૧૧/૧૯૩૫ના રોજ તા,જિ. ગાંધીનગરના વેડા નામના નાના ગામમાં થયો હતો.આમ તો તેઓનું મૂળ વતન વસાઈ (ડાભલા) તા- વિજાપુર, જિ- મહેસાણા પરંતુ સામાજિક રિવાજ મુજબ પ્રથમ બાળકના જન્મ વખતે માં પોતાના પિયરમાં રહે છે. એ વ્યવસ્થાને અનુસરતા તેઓનો જન્મ મોસાળમાં થયેલ છે.સામાન્ય ચમાર કુટુંબમાં જન્મેલા ડૉ.રમેશચંદ્રના પીતાશ્રી નું નામ શિવરામ મોતીભાઈ પરમાર, તેમની માતાનું નામ જીવીબેન હતું. તેઓ ત્રણ ભાઈઓ હતાં.સૌથી મોટાભાઈનું નામ ભગવાનદાસ, તેમનાથી નાના શંકરલાલ અને સૌથી નાના શીવરામભાઈ.શીવરામભાઈ ક્યારેય સ્કૂલ ગયેલા ન હતાં ઘેર થોડું વાંચતા લખતા શીખેલા હતાં.માતા જીવીબેન બિલકુલ ભણેલા ન હતાં.૧૨ વર્ષની ઉમંરે જીવીબેન તેમનાં બાપુજીને ખેતીકામમાં મદદ કરતાં. નાનપણમાં તેઓનાં લગ્ન થઇ ગયેલાં. ૧૫વર્ષની વયે તો તેઓ અમદાવાદમાં આવી મિલમાં વાઇન્ડીગ ખાતામાં નોકરી કરતાં હતાં. અમદાવાદમાં આ સમયગાળામાં ઘણી બધી મિલો શરૂં થઇ હતી. ગામમાં જાતિગત અત્યાચાર સહન કરવો પડતો,જમીન હતી નહી મજુરી સિવાઈ કઈ થતું નહી. આથી શીવરામભાઈ અમદાવાદ આવી મિલમાં કામદાર તરીકે જોડાઈ ગયા સાથે જીવીબેન પણ આવી ગયા.રમેશભાઈને અંબાલાલ નામે એક ભાઈ છે અને ડાહીબેન નામે એક બહેન. રમેશભાઈ આ ત્રણેમાં સૌથી મોટા માટે નાનપણથી જ જવાબદારીઓ પ્રત્યે તેઓ સભાન રહેલા. આ ગુણ આજે પણ જોવા મળે છે.આમ, નાના કુટુંબમાં ખાડાવાળી ચાલીમાં તેમનો ઉછેર થયેલ.બાળપણમાં ૧ થી ૪ ધોરણ સુધીનો અભ્યાસ, ત્યારબાદ ૫ થી ૭ નો અભ્યાસ, બીએડ અને નિવૃતી લેવાની ઉમરે પીએચ.ડી.ની પદવી મેળવી આમ તેઓ આજીવન અભ્યાસુ હોવાનો ખ્યાલ આવે છે. અંબાલાલભાઈ પણ

અભ્યાસમાં હોંશિયાર હતાં. તેઓએ ગ્રેજ્યુએશન બાદ એક વર્ષ એલ.એલ.બી. નો અભ્યાસ કરેલ ત્યારબાદ અભ્યાસ છોડી દીધેલ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એસ્ટાબ્લીશન ડીપાર્ટમેન્ટમાં નોકરી કરવા લાગ્યા અને છેલ્લે સુપ્રિટેન્ડેડની પોસ્ટ પરથી નિવૃત્ત થયા તેમના પત્નીનું નામ ચંચળબેન રામજીભાઈ પરમાર તેઓ રૂપાલનાં રહેવાસી છે.ઘરમાં અભ્યાસિક વાતાવરણ ન હોવા છતાં શિવરામભાઈના મોઢે બાબાસાહેબ આંબેડકરની વાતો સાંભળતા તેઓના અભ્યાસથી તેઓ પ્રભાવિત હતાં.બાબાસાહેબની વાતો સાંભળી તેઓને પણ અભ્યાસ કરવા માટેની પ્રેરણા મળી. તેમણે ધોરણ ૧થી૪ નો અભ્યાસ રખિયાલની મેથોડીસ્ટ સ્કુલમાં કર્યો. આથી બાળપણથી જ તેઓ અંગ્રેજી વિષય પરત્વે આકર્ષાયા અને આગળ જતા ખુબ સારું અંગ્રેજી જાણતા થયાં. ધોરણ ૫ થી ૭ નો અભ્યાસ તેઓએ સરસપુર મ્યુનિસિપાલીટી શાળા નં. ૧ માંથી કરેલ.ત્યારબાદ ભારતી વિદ્યાલય અને તે પછી સરસ્વતી વિદ્યાલયમાં અભ્યાસ કર્યો. સરસપુર થી ૧૯૫૫માં તેઓએ એસ.એસ.સી.ની પરીક્ષા  પાસ કરી.ઘરની સ્થિતિ અત્યંત નબળી હોવાને કારણે તેઓ સરકારી લાઈટના થાંભલા નીચે વાંચીને અભ્યાસ કરતાં. આજીવન સંઘર્ષ કરતા રહેલા રમેશભાઈએ અભ્યાસ પૂર્ણ કર્યો ત્યાં સુધી સતત સંઘર્ષ કરતા રહેલા.ખાડાવાળી ચાલીમાં જે મકાનમાં રહેતા તે મકાનમાલિકે તેમની જાણ બહાર આ મકાન અન્યને વેચી દીધું.એના વિરોધમાં શિવરામભાઈએ કોર્ટકેસ કરેલ. આ સમયે કોર્ટનો ચુકાદો એક તરફી આવતા આ મકાન તેઓએ ખાલી કરવું પડ્યું.આવડી મોટી આફત સામે આવતાં હવે ક્યાં રહેવું એ શિવરામભાઈ માટે ખૂબ મોટો પ્રશ્ન થઇ પડ્યો. થોડા દિવસ તેઓ બધા શિવરામભાઈના કાકાનાં દીકરા સાથે રહ્યાં. ત્યાંથી ભાડે મકાન રાખી વાંઢા વાળી ચાલીમાં રહેવા ગયા.થોડો સમયમાં ત્યાં પણ અડચણ પડી ત્યારબાદ પ્રતાપનગર હાઉસીંગ સોસાયટી રાજપુર ગોમતીપુરમાં ભાડે રહેવા લાગ્યાં. આમ રમેશભાઈ પ્રાથમિક શાળામાં ભણતાં તે વખતે તેઓને ધોરણ દસ સુધીનો અભ્યાસ કરતાં ચાર સ્કુલ બદલવી પડી.આવા સમયે અચાનક ટ્રેન અકસ્માતમાં શિવરામભાઈનું અવસાન થયું અને ત્રણ બાળકોની જવાબદારી માતા જીવીબેન પર આવી પડી.તેઓએ સખત મહેનત કરી બાળકોને ઉછેર્યા.રમેશભાઈએ અભ્યાસની સાથે કામ કરી અને અભ્યાસખર્ચ કાઢ્યો.ખર્ચને પહોંચી વળવાના આશયથી તેઓ એ સમયે હાથપંખા તથા આઈસ્ક્રીમ પણ વેચવા જતાં આમ બાળપણમાજ તેઓમાં ખુમારી  થયો હતો.પ્રતાપનગર હાઉસીંગ સોસાયટીમાં આર્થિક સંકડામણને હિસાબે મકાન ખાલી કરવું પડ્યું.ફરી એક વાર કુંટુબ સાથે પરમાનંદ પટેલની ચાલીમાં રહેવા ગયાં.સાથે સાથે અભ્યાસ પણ ચાલુ રાખી, બી.એ. એમ.એ. બી એડ.ની પદવી પણ મેળવી.આમ રમેશભાઈએ સંઘર્ષપૂર્વક પોતાનો અભ્યાસ પૂર્ણ કરેલ. કોલેજમાં તેઓએ ખાસ

સ્પોટ્સકોટામાં એડમીશન મેળવ્યું.તેઓ મહેનતુ હતાં ને તેમનું શરીર કસાયેલું હતું,તેઓ કબડીના સારા ખેલાડી હતાં.સાથે સાથે શાળામાં શિક્ષક તરીકે નોકરી પણ કરતાં.ધોરણ ૧૦માં અભ્યાસ કરતી વખતે સામાજિક રિવાજ અનુસાર તેઓના લગ્ન મણીબેન સાથે થયા તેઓ પાસે બિલકુલ અક્ષરજ્ઞાન પણ ન હતું.રમેશભાઈને પરિવારમાં બે પુત્રો અને એક પુત્રી છે, મોટા પુત્રનું નામ અજયકુમાર તેઓએ  સ્નાતક સુધીનો અભ્યાસ કરેલો છે.નાના પુત્રનું નામ અમિતકુમાર તેઓ અનુસ્નાતક છે.  રમેશભાઈના પુત્રીનું નામ સુજાતાબેન છે તેઓ સ્નાતક થયેલા છે.રમેશભાઈને વાંચનની ટેવ નાનપણથી જ હતી. સતત વાંચનના લીધે જીવનને ઊચ્ચ મુલ્યો સાથે જીવવા તેઓ સતત પ્રત્નશીલ રહેતા. વાંચનના લીધે તેઓ ડૉ. વિચારોથી પ્રભાવિત થએલા અને ચોપડીઓ વાંચવા અને વસાવવાનો તેમને ખાસ રસ હતો.સતત વાંચનના લીધે તેમના વિચારો પણ આધુનિક રહેલા હતાં. ૬૫વર્ષની વયે ડૉ.રામમનોહર લોહિયા પર ડૉ.મકરન્દભાઈ મહેતાના માર્ગદર્શન નીચે ડોકટરેટની પદવી પણ મેળવી,નિવૃત્ત થવાની વયે ડોકટરેટની પદવી મેળવવી એ એમની જ્ઞાનપિપાસાને પ્રદર્શિત કરે છે. આવી રીતે સતત સંઘર્ષ સાથે તેઓએ જ્ઞાન મેળવેલ છે. રમેશભાઈના આ અભ્યાસિક ચિંતનશીલ વર્તન પરથી જ તેઓની કાર્ય કરવાની ક્ષમતાનો અંદાજ આવે છે. ડૉ. બાબાસાહેબના જીવન તત્વજ્ઞાન પરના ઘણાબધા પુસ્તકોનો અભ્યાસ કરી તેઓ પોતાના સમાજના તમામ લોકોને મદદરૂપ બની શકાય તેવો પ્રયાસ સતત કરેલ છે.આમ સતત સંઘર્ષ વેદ્દાનાઓ વેઠીને પણ જ્ઞાન મેળવવાની લાલસા તેઓના અભ્યાસિક જીવન પરથી જોઈ શકાઈ છે આ જ્ઞાનનો ઉપયોગ તેઓએ સમાજના લોકોની જાગૃતિ અને હક માટેની લડાઈમાં કરેલ છે. આમ ૭૯ વર્ષની વયે તેઓ સતત કાર્યશીલ હતાં તેઓને હૃદયની બીમારી હતી તેમ છતાં આખર સુધી સમાજના ઉત્થ્થાનમાં વધુ શું કરી શકાય તેની ચિંતા તેમને અંત સુધી રહી અને તારીખ ૧૫/૦૯/૨૦૧૬ન રોજ હૃદયરોગનો હુમલો આવવાથી તેઓનું નિધન થયું.

## સામાજિક પુન: રચનામાં મૂકસેવક ડૉ.રમેશચંદ્ર પરમારનું પ્રદાન

રમેશભાઈ પરમારનો જન્મ ૧૯૩૫માં, હાલના ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના વેડા ગામે થયો હતો. રમેશભાઈનાં માતાપિતાએ ગામડું છોડી અમદાવાદમાં મિલકામદારની જિંદગી શરૂ કરી એ રીતે ગામડાની સામંતી-જાતિવાદી માનસિકતામાંથી પોતાનો અને સંતાનોનો છુટકારો થયો. અમદાવાદના રખિયાલ વિસ્તારમાં જ્યાં કિશોર-યુવાન રમેશચંદ્રનો ઘડતરકાળ વીત્યો ત્યાંના આંબેડકરવાદી, સમાજવાદી, સામ્યવાદી માહોલના રંગે તેઓ રંગાતા

રહ્યા.રમેશચંદ્ર પરમાર અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં ઉચ્ચ શિક્ષણ પામ્યા. વાચન અને જાહેર પ્રવૃત્તિ વિદ્યાર્થીકાળથી જ તેમના જીવનનો અનિવાર્ય હિસ્સો બની રહી. રમેશચંદ્ર ૧૯૫૨થી ૧૯૬૦ સુધી નવયુવકમંડળના મંત્રી હતા. વિચારવિનિમય - સભા દ્વારા ખુદનું અને દલિત યુવાનોનું વૈચારિક ઘડતર કરતા હતા. બેસ્ટ કબ્બડી પ્લેયર રમેશચંદ્રે ૧૯૫૮માં રિપબ્લિકન સ્ટુડન્ટ ફેડરેશનની સ્થાપના કરી હતી. આંબેડકર સ્પૉટ્ર્સ ક્લબ ઑફ ગુજરાતના તે પ્રમુખ હતા. અમદાવાદના રખિયાલ વિસ્તારનાં અસામાજિક તત્ત્વો સામે યુવાન રમેશભાઈને બાથ ભીડવાની થયેલી. તો આ બેસ્ટ કબ્બડી ખેલાડીને જિંદગી આખી જાતિવાદ સામે લડવાનું થયું. દલિત-અત્યાચારોનો વિરોધ અને ભોગ બનેલાઓને ન્યાય અપાવવા માટેનો સંઘર્ષ એ દલિત કાર્યકરની નિયતિ છે. રમેશભાઈની જિંદગીનો સિંહભાગ દલિત-અત્યાચારોના બનાવોની સ્થળ-મુલાકાતો, તપાસ અહેવાલો, પોલીસ અને કોર્ટની કાર્યવાહી અને ન્યાય મેળવવાની લડતમાં ગયો. ગુજરાત દલિત પેન્થરના સ્થાપક પ્રમુખ રમેશચંદ્ર પરમારના ભાગે પણ જેતલપુરથી કડી અને ગાંધીનગર-ભાટના દલિત હત્યાકાંડોની ન્યાયની લડાઈ લડવાની આવી હતી. માનવ-અધિકાર અને સામાજિક રાજકીય કર્મશીલ તરીકે ધરપકડો અને જેલવાસ રમેશચંદ્ર પરમારના લમણે સ્વાભાવિક લખાયેલો જ હતો. નાનીમોટી અટકાયતો, ધરપકડો અને જેલવાસ ભોગવવાનો થયેલો. ૧૯૮૧નાં અનામત-વિરોધી રમખાણો વખતે રમેશભાઈને પણ જેલવાસ થયેલો. આ બંને સમયગાળા કૉંગ્રેસી રાજવટના હતા તે ખાસ નોંધવું જોઈએ. રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર તરીકે રમેશભાઈ અમદાવાદ લોકસભાની અનામત બેઠક પર ચૂંટણી લડેલા. ૧૯૬૨થી ૧૯૬૭ સુધી તેઓ રિપબ્લિકન પક્ષના જનરલ સેક્રેટરી હતા. રમેશભાઈએ આનંદ મૈત્રેયના નામે થોડી પણ નોંધપાત્ર દલિત કવિતાઓ લખી હતી. રમેશચંદ્ર પરમારે ગુજરાત અને દેશના ઘણાં દલિત હત્યાકાંડો વિશે પુસ્તિકાઓ લખી છે. માથે મેલુંની સમસ્યા અંગેનું તેમનું દસ્તાવેજી પુસ્તક ‘હાથમાં ઝાડુ, માથે મેલું’, ચાર ભાગમાં ડૉ. આંબેડકરનું જીવનચરિત્ર અને પાંચ ભાગની આંબેડકર ગ્રંથશ્રેણી ખાસ ઉલ્લેખનીય છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ વખતે ૧૯૫૬માં થોકબંધ મિલકામદાર અર્ધશિક્ષિત, અશિક્ષિત કવિઓએ લખેલાં અંજલિ-કાવ્યોનું તેમનું સંપાદન શોધપ્રબંધના ગજાનું કામ છે. મહારાષ્ટ્ર સરકારે પ્રગટ કરેલ ડૉ. આંબેડકરના મરાઠી-અંગ્રેજી ગ્રંથો પૈકીના થોડાકના ગુજરાતીમાં અનુવાદોમાં  પણ નોંધપાત્ર અનુવાદકાર્ય છે. દલિત સાહિત્ય સાથે રમેશભાઈનો નિકટનો અને નિસબતનો નાતો રહ્યો છે. દલિત પેન્થરના ‘પેન્થર’ સામયિકના અગ્ર લેખક-સંપાદક એવા રમેશભાઈના તંત્રીપદે જ ૧૯૭૮માં દલિત-પેથરના કાવ્યપત્ર ‘આક્રોશ’ થકી ગુજરાતી દલિત-કવિતાનો ઉદ્ભવ થયો હતો. નીરવ પટેલના બંને અંગ્રેજી

દલિત કવિતાસંગ્રહોના રમેશભાઈ પ્રકાશક હતા. એ રીતે રમેશભાઈ ગુજરાતી દલિત સાહિત્યના દાદા ગણાવા જોઈતા હતા. હાડના આંબેડકરવાદી ગણાતા રમેશભાઈ અન્ય રાજકીય વિચારકો અને વિચારધારાથી પણ અછૂતા નહોતા રહ્યા. ઓછું વેતન અને વધુ શ્રમબોજ ધરાવતા ડોકર્સ આંદોલન સાથે જીવનઆરંભે સક્રિય રહેલા રમેશભાઈ સમાજવાદી નેતા ડૉ. રામમનોહર લોહિયાના જાતિનિર્મૂલનના વિચારોથી આકર્ષાયેલા હતા. આયુયાત્રાના ૫૮મા વરસે ૧૯૯૩માં એમણે 'ભારતીય રાષ્ટ્રવાદ, સમાજવાદ અને ડૉ. રામમનોહર લોહિયા - એક અધ્યયન' વિષય પર પીએચ.ડી.કર્યું. જો કે લોહિયા તેમના શોધપ્રબંધનો જ વિષય ન બની રહ્યા પણ રમેશભાઈ તેમના વિચારોના પ્રસારક પણ બન્યા. અમદાવાદમાં મોટા પાયે આંબેડકરજયંતીની ઉજવણી અને વરસોવરસ આંબેડકર નગરયાત્રા યોજનાર રમેશભાઈ એટલી જ નિયમિતતાથી લોહિયા જયંતી મનાવતા હતા. રમેશભાઈ દલિત પન્થર નેતા તરીકે દેશનાં અન્ય રાજ્યોના સતત સંપર્ક અને પ્રવાસો કરતા હતા. અમદાવાદમાં વસતા બિહારી અને યુ.પી.ના સ્થળાંતરિત દલિત-શ્રમિકો માટે નવા વટવામાં તેમણે શૈક્ષણિક સંસ્થા સ્થાપી હતી. ૨૦૦૧ના વરસમાં યોજાયેલી વંશવાદ વિરોધી વિશ્વપરિષદમાં બોજા થરકમ સક્રિય હતા, દલિત સવાલના વૈશ્વિકીકરણના મુદ્દે તેઓ દલિતોના પક્ષે અને સરકારના વિરોધમાં હતા તથા ડરબનમાં પણ ગયેલા. રમેશભાઈની ભૂમિકા આ ડરબન કૉન્ફરન્સ અને દલિત-સવાલના વૈશ્વિકીકરણ અંગે હળવામાં હળવો શબ્દ વાપરીએ તો રહસ્યમય હતી.

**સંદર્ભસૂચિ**

ઉચાટ,દિનેશચંદ્ર એ.(૨૦૦૪); માહિતી પર સંશોધન વ્યવહારો.રાજકોટ: વાસુકિ પ્રિન્ટીંગ પ્રેસ.

ઉચાટ, ડી.એ.(૨૦૦૦); સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ. રાજકોટ: સૌરાષ્ટ્ર યુનીવર્સીટી.

દેસાઈ,એચ.જી. અને દેસાઈ, કે.જી.(૧૯૯૭); સંશોધન પદ્ધતિઓ અને પ્રવીધિઓ.અમદાવાદ : યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

ડૉ. રમેશચંદ્ર પરમાર સન્માન સમિતિ(૨૦૧૨); ડૉ. રમેશચંદ્ર પરમાર દલિત આગેવાન અને લેખક. ગાંધીનગર.

જાની, ઇન્દુલાલ; 'પ્રખર આંબેડકરવાદી અને લોહિયાવાદી ડૉ.રમેશચંદ્ર પરમાર',નયા માર્ગ.